# આકાશવાણી – ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ : 24/03/2024** **સમય: સવારે: ૬:૫૦**

## મતદારોને પ્રોત્સાહન આપવા પર I VOTE4 SURE

લોકસભાની આગામી ચૂંટણીમાં 18થી 19 વર્ષની વયના લગભગ એક કરોડ 80 લાખ મતદારો હશે, જે સૌ પહેલીવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સૌ પ્રથમવાર મતદાન કરનારા મતદારોને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મિડીયા પર I VOTE4 SURE જેવા અનેક અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. આ અભિયાનમાં સચિન તેંડુલકર તેમજ અભિનેતા રાજકુમાર રાવ જેવા અગ્રગણ્ય નાગરિકોનો સાથ સહકાર લેવામાં આવી રહ્યો છે.

RNU AHMDAVAD

---

## દિવ્યાંગજનો માટે સક્ષમ એપ્લિકેશન

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાં ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃતિ અંગેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. "એવરી વોટ કાઉન્ટ્સ" ના સૂત્ર સાથે ચૂંટણી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારોની સુવિધા પર વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. જે અંતર્ગત દિવ્યાંગજનો લોકશાહીના પર્વમાં સહભાગી થઈ શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા Saksham (સક્ષમ) એપ્લિકેશન વિકસાવાઈ છે.

આ એપ દ્વારા દિવ્યાંગજનોને નોંધણી કરવામાં, તેમનું મતદાન મથક શોધવામાં અને મત આપવા માટે વિશેષ સુવિધાઓ મળશે. વોઈસ આસિસ્ટન્સ, ટેક્સ્ટ ટુ સ્પીચ, સુલભતા સુવિધાઓ, ફરિયાદ કરવાની સુવિધા સાથે આ એપ દ્વારા દિવ્યાંગજનો પોતાનો મત સરળતાથી આપી શકશે.

RNU AHMDAVAD

---

## પોસ્ટલ બેલેટ  દ્વારા મતદાન સુવિધા

આવશ્યક સેવા કર્મીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા પૂરી પાડવા બાબતે ગઈકાલે જિલ્લા કલેકટર અમિત અરોરાએ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજીને માર્ગદર્શન આપ્યું હતું. કોઈપણ નાગરિક મતદાન કર્યા વિના રહે નહીં તે દિશામાં સુચારૂ કામગીરી કરવા માટે સૂચનાઓ આપી હતી.

RNU AHMDAVAD

---

## હોલિકા દહન  નું પર્વ

આજે હોલિકા દહન નું પર્વ સમગ્ર જિલ્લા માં શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવાઈ રહ્યું છે હોળી નો ઉત્સવ એ રંગોત્સવ પર્વ છે અસત્ય પર સત્ય ના વિજય નું પર્વ છે ભક્ત પ્રહલાદ ની ભક્તિ નાં વિજય નું પ્રતીક પર્વ છે આજે સાંજ ઢળતાં જ ચોરે  અને ચૌટે વિવિધ  દેવ  મંદિરો માં હોળી નું પૂજન કરી હોળી પ્રાગટ્ય કરવા માં આવે છે હોળી નિમિતે ધાણી ખજૂર હારડા ની ખરીદી માટે લોકો બજારો માં ઉમટી રહ્યા છે  આજે હોળી પર્વ સાથે ચંદ્ર ગ્રહણ થશે પણ ભારત માં ક્યાંય એ જોવા નહિ મળે આવતી કાલે રંગભરી ધુળેટી ઉજવવા લોકો માં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે

મા.ખા / તૌફીક સમા

---

## આચાર સંહિતા અમલવારી માટે પોલીસ દ્વારા ચેકિંગ

આગામી લોકસભા ચૂંટણી જાહેર થતા લાગુ થયેલી આદર્શ આચાર સંહિતાની અમલવારી કરવા પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા ગઈકાલે ભુજ તાલુકાના દેશલપર ચેક પોસ્ટ પર માનકુવા પોલીસ દ્વારા પસાર થતા વાહનોની સઘન ચેકીંગ કરવામાં આવી હતી.

NP / તૌફીક સમા

---

## NHAI  ફાસ્ટ ટેગ

National Highways Authority of India એ ફાસ્ટેગ ગ્રાહકોને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના નિયમો અનુસાર ફાસ્ટેગ માટે KYC પ્રક્રિયા પૂર્ણ કરવા

જણાવ્યું છે. અગામી 31 માર્ચ પછી, બેંકો KYC વિના ફાસ્ટેગને નિષ્ક્રિય અથવા બ્લેકલિસ્ટ કરશે.

ગ્રાહકો હવે એક વાહનમાં માત્ર એક જ ફાસ્ટેગનો ઉપયોગ કરી શકશે. NHAI અનુસાર, ફાસ્ટેગ યુઝર્સે 'એક વાહન, એક ફાસ્ટેગ' નીતિને અનુસરવી પડશે અને અગાઉ જારી કરાયેલા તમામ ફાસ્ટેગને તેમની સંબંધિત બેંકોને પરત કરવા પડશે. હવે માત્ર નવા ફાસ્ટેગ એકાઉન્ટ જ સક્રિય રહેશે.

ફાસ્ટેગ સ્ટીકર 5 વર્ષ માટે માન્ય છે, ત્યારપછી  સ્ટીકર બદલવું પડશે અથવા તેની માન્યતા વધારવી પડશે.

NP / તૌફીક સમા

---

## ક્રિકેટ – IPL

આઇ પી એલ ની ગઈકાલે બે મેચ રમાઇ હતી બપોર ની પ્રથમ મેચ માં પંજાબ કિંગ્સ ટીમે દિલ્હી કેપિટલ ની ટીમ ને 4 વિકેટે હાર આપી હતી દિલ્હી ટીમે 9  વિકેટ ના ભોગે 174 રન કર્યા હતા જવાબ માં પંજાબ ની ટીમે 6 વિકેટ ગુમાવી 176 રન કરી મેચ જીતી લીધી હતી જયારે કોલકતા ખાતે ની બીજી મેચ માં ભારે રસાકસી પછી કોલકતા નાઈટ રાઇડર્સ ની ટીમે હૈદરાબાદ સન રાઈઝર ટીમ  સામે ચાર રન થી વિજય મેળવ્યો હતો  કોલકતા ટીમ ના 7 વિકેટે 208 રન નાં લક્ષ્યાંક સામે હૈદરાબાદ ની ટીમ 7 વિકેટ ના ભોગે 204 રન કરી શકી હતી.

NP / તૌફીક સમા

---

## ધોરણ 10 અને ધોરણ 12 ના વિધાર્થીઓની શંકાસ્પદ કોપી કેસ ચકાસણી

ધોરણ 10 અને ધોરણ 12 ના વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 22મી માર્ચ છે પૂરી થઈ ગઈ છે.

સામાન્ય પ્રવાહ તેમજ વ્યવસાયલક્ષી પ્રવાહ ની પરીક્ષા 26મી માર્ચ સુધી ચાલશે જે દરમિયાન પરીક્ષા ખંડના સીસીટીવી કેમેરા ની ચકાસણી શરૂ થઈ છે જે દસેક દિવસ ચાલશે ત્યારબાદ શંકાસ્પદ કોપી કેસને ચકાસી ગાંધીનગર અહેવાલ સુપરત કરવામાં આવશે

NP / તૌફીક સમા

---